# લાટે મેકઅપ ટ્રેન્ડ શું છે?






**આજકાલ મેકઅપ ટ્રેન્ડ માત્ર હેવી ગ્લેમ લુક સુધી જ સીમિત નથી, જરૂરત કરતાં વધારે પ્રોડક્ટનો ઉપયોગ કર્યા વિના ફ્રેશ અને ગ્લોઇંગ લુક ક્રિએટ કરે એવા મેકઅપ લુક્સ હવે પસંદ કરવામાં આવે છે. તમે પણ એવો લુક મેળવવા ઇચ્છતાં હો જે નેચરલ અને સોફ્ટ હોય તો લાટે મેકઅપ તમારા માટે સારો વિકલ્પ છે.**

**લાટે કોફીથી પ્રેરિત આ મેકઅપ ટ્રેન્ડ વોર્મ બ્રાઉન, કેરેમલ અને ન્યૂડ શેડ્સથી પ્રેરિત છે, જે ચહેરાને એક વોર્મ, સન કિસ્ડ અને એલિગન્ટ લુક આપે છે. આ**

## લાટે મેકઅપ શું છે?

લાટે મેકઅપ એક મેકઅપ સ્ટાઈલ છે જેમાં કોફીના અલગ અલગ શેડ્સથી પ્રેરિત રંગોનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં ડાર્ક બ્રાઉન, ચોકલેટ, કેરેમલ, બેજ અને ન્યૂડ ટોન હોય છે. એ હેલ્ધી, વોર્મ અને નેચરલ ગ્લો આપે છે. આ લુકમાં શાર્પ કોન્ટુર કે વધારે પડતાં ચમકદાર હાઈલાઈટરને બદલે સોફ્ટ બ્લેન્ડિંગ પર ધ્યાન આપવામાં આવે છે. લાટે મેકઅપની સૌથી મોટી ખાસિયત એની સાદગી છે. એ લગભગ બધી ઉંમર અને સ્કિન ટોન પર સારો લાગે છે. ઓફિસ, કોલેજ, બ્રંચ ડેટ, ફેમિલી ફંક્શન કે સાંજની પાર્ટી... એ બધા લુક માટે પર્ફેક્ટ છે.

## દરેક સ્કિન ટોન મુજબ કરી શકાય છે લાટે મેકઅપ

લાટે મેકઅપની ખાસ વાત એ છે કે એને દરેક સ્કિન ટોન પ્રમાણે કસ્ટમાઈઝ કરી શકાય છે. જો તમારી સ્કિન ફેર હોય તો લાઈટ બેજ, સોફ્ટ બ્રાઉન અને પીચ ન્યૂડ શેડ્સ પસંદ કરો. વ્હીટિશ સ્કિન હોય તો કેરેમલ, હની બ્રાઉન અને ગોલ્ડન ટોનનો ઉપયોગ કરી શકાય. ડસ્કી સ્કિન માટે ચોકલેટ બ્રાઉન, કોપર, બ્રોન્ઝ અને ડીપ કેરેમલ શેડ્સ પસંદ

## લાટે મેકઅપ કરવાની આસાન રીત

» કોઈ પણ મેકઅપની શરૂઆત સરી સ્કિનકેરથી થાય છે. સૌથી પહેલાં ચહેરો સાફ કરી ત્યાર બાદ મોઈશ્ચરાઈઝર લગાડો અને પછી પ્રાઈમરનો ઉપયોગ કરો જેથી મેકઅપ લાંબો સમય ટકે.

» જો ત્વચા ડ્રાય હોય તો હાઈડ્રેટિંગ પ્રાઈમર પસંદ કરો જ્યારે ઓઈલી સ્કિન માટે મેટિફાઈંગ પ્રાઈમર સારું છે.

» લાટે મેકઅપમાં હેવી ફાઉન્ડેશનને બદલે લાઈટ બેઝ લગાડો. સ્કિન ટિન્ટ કે લાઈટવેઈટ ફાઉન્ડેશન લગાડો, એ સિવાય જ્યાં જરૂર હોય ત્યાં કન્સિલર લગાડો અને બ્યૂટી બ્લેન્ડરથી બરાબર બ્લેન્ડ કરો જેથી બેઝ સ્કિન જેવો દેખાય.

## ન્યૂડ લિપ્સની લુક કમ્પલિટ કરો



લાટે મેકઅપનો સૌથી ખૂબસૂરત ભાગ ન્યૂડ લિપ્સ હોય છે. તમે કેરેમલ ન્યૂડ, બ્રાઉન ન્યૂડ, કોફી ન્યૂડ, પીચ ન્યૂડ, રોઝ, રોઝ બ્રાઉન શેડ્સ પસંદ કરી શકો. આ સિવાય ઈચ્છો તો પહેલા બ્રાઉન લિપ લાઈનર લગાડો અને પછી ન્યૂડ લિપસ્ટિક ઉપર થોડું ગ્લોસ લગાડી ફિનિશ

## વોર્મ બ્લશ

લાટે મેકઅપમાં પિંક બ્લશને બદલે પીચ, ટેરાકોટા કે વોર્મ બ્રાઉન બ્લશ વધારે સારાં લાગે છે. ગાલ પર લાઈટ બ્લશ લગાડી ઉપરની બાજુ બ્લેન્ડ કરો જેથી ચહેરો ફ્રેશ લાગે.

## નેચરલ આઇબ્રો

બહુ વધારે ડાર્ક કે જાડી આઈબ્રો કરવાની જરૂર નથી. નાના નાના સ્ટ્રોક્સથી ગેપ ભરો અને આઈબ્રો જેલથી એને સેટ કરી લો.

## આંખો પર બ્રાઉન મેજીક

લાટે મેકઅપની ખૂબસૂરતી આંખોથી વ્યક્ત થાય છે.

* આખા લિડ પર કેરેમલ કે લાઈટ બ્રાઉન શેડ લગાડો. ક્રિઝમાં થોડો ડાર્ક બ્રાઉન બ્લેન્ડ કરો. બહારના કોર્નર પર ચોકલેટ બ્રાઉન લગાડી ડેપ્થ આપો. તમે ઈચ્છો તો લાઈટ ગોલ્ડ કે શિમર વચ્ચે લગાડી શકો. પછી બ્રાઉન કાજલ કે બ્રાઉન આઇ લાઈનરનો ઉપયોગ કરો.

*



છેલ્લે મસ્કરા લગાડો.

## લાઇટ હાઇલાઇટરનો ઉપયોગ

ચહેરા પર વધારે ચમક આપવાની જગ્યાએ માત્ર લાઈટ ગ્લો રાખો. હાઈલાઈટરને ગાલના ઉપરનાં હાડકાં, નાકના બ્રિજ અને ક્યુપિડ્સ બો પર હળવા હાથે લગાડો.

## લાટે મેકઅપ માટે યોગ્ય કલર પેલેટ

જો તમે લાટે મેકઅપ લુક ઈચ્છતાં હો તો મેકઅપ કિટમાં બેજ, કેરેમલ ટોપ, કોફી બ્રાઉન, ચોકલેટ બ્રાઉન, કોપર, બ્રોન્ઝ, સોફ્ટ ગોલ્ડ ન્યૂડ, પીચ અને વોર્મ બ્રાઉન જેવા કલર્સ રાખો.

## આ ભૂલો ન કરશો...

* વધારે પડતાં ડાર્ક કોન્ટુર ન કરો.
* ફાઉન્ડેશનનું જાડું લેયર ન કરો.
* બહુ ચમકીલા હાઈલાઈટરનો ઉપયોગ ન કરો.
* પિંક અને બ્લૂ અંડરટોનવાળા આઈશેડો ટાળો.
* ડાર્ક મેટ લિપસ્ટિક ન લગાડો.

